Accredited Grade "A" by NAAC(3rd Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

જોડાણ વિભાગ ,યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૧૪ ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૭૬૩૪૭
ઈ-મેઈલ : affiliation@sauuni.ac.in

નં./જોડાણ/૧/ ૭૩૬ /૨૦૨૦

તા. ૨૨-૦૯-૨૦૨૦

સંદર્ભ:- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર ની જાહેરાત.

પરિપત્ર-:

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, "સેન્ટ્રલ સેક્ટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ" વર્ષ – ૨૦૨૦-૨૦૨૧ યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. જેની પ્રસિદ્ધિ કરવા માટેની જાહેરાત સમાચારપત્રોમાં આપવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. સદર યોજનાનો વધુ વિદ્યાર્થીઓ લાભ લઈ શકે તે માટે આ જાહેરાત ધ્યાને લઈ કોલેજ કક્ષાએ નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે.

કુલસચિવ

બિડાણ:-
જાહેરાતની નકલ.

પ્રતિ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના-:
૧. માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી,

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
૧. પી.જી.ટી.આર. વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૨. કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે....)

ક્રમાંક:ઙ-૨/સ્કો/૨૦૨૦/૨૩૦૧૬

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર
તા.૨૭/૦૮/૨૦૨૦

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ,
રાજકોટ-૩૬૦૦૦૫.

વિષય – "સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ" વર્ષ ૨૦૨૦-૨૧ યોજનાની બહોળી પ્રસિધ્ધિ કરવા બાબત.

માનનીય સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે "સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ -૨૦૨૦-૨૧ " યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. જેની બહોળી પ્રસિધ્ધિ કરવા માટેની જાહેરાત સમાચારપત્રોમાં આપવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. સદર યોજનાનો વધુ વિદ્યાર્થીઓ લાભ લઈ શકે તે માટે આપની કક્ષાએથી યોગ્ય કરવા વિનંતી છે.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર

બિડાણ - જાહેરાતની નકલ.

8 - SEP 2020
639

General Section
Inward No. 9262
Date : - 7 SEP 2020
Sau. Uni. Rajkot

# ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન
## બ્લોક નં-૧૨/૨, ગુ.રા., ગાંધીનગર.

**" સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશિપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટડન્ટસ " વર્ષ-૨૦૨૦-૨૧ યોજના અન્વયે ફ્રેશ તથા રીન્યુઅલના અરજદારને ઓનલાઇન અરજી કરવા બાબત**

" સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશિપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ " યોજના હેઠળ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૦માં લેવાયેલી ધો-૧૨ની વાર્ષિક પરીક્ષામાં વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં પ્રથમ પ્રયત્ને ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઇલ મેળવનાર કે જેના વાલીની વાર્ષિક આવક રૂ.૮,૦૦,૦૦૦/- સુધી હોય તેવા વિદ્યાર્થીઓ આ શિષ્યવૃત્તિનો લાભ મેળવવા માટે ઓનલાઈન અરજી કરી શકશે. શિષ્યવૃત્તિ માટેની વધુ માહિતી **National e-Scholarship Portal** **www.scholarships.gov.in** ની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૯ સુધીમાં જે વિદ્યાર્થીઓએ આ શિષ્યવૃત્તિની યોજના હેઠળ લાભ મેળવેલ છે, તેઓએ **National e-Scholarship Portal www.scholarships.gov.in** ની વેબસાઇટ પર રીન્યુઅલ માટે ઓન-લાઇન અરજી ફોર્મ ભરવાનુ રહેશે. ઉક્ત તમામ વિદ્યાર્થીઓએ તા.૩૧/૧૦/૨૦૨૦ સુધીમાં ફક્ત ઓન-લાઇન પધ્ધતિથી અરજી કરવાની રહેશે. આ શિષ્યવૃત્તિ DBT(Direct Benefit Transfer) હેઠળ મળવાપાત્ર હોઈ, તેઓનું બેંક એકાઉન્ટ રાષ્ટ્રીયકૃત બેંકમાં ખોલાવવાનું રહેશે.

ઓનલાઈન અરજી કર્યા બાદ વિદ્યાર્થીએ જરૂરી ડોક્યુમેન્ટ સાથે જે તે સંસ્થા કે કોલેજમાં વેરીફીકેશન કરાવવું ફરજીયાત છે. તેમજ સંસ્થા કે કોલેજ દ્વારા પણ વિદ્યાર્થીનું ઓનલાઈન બેરીફીકેશન નિયત સમયમર્યાદામાં થાય તે સુનિશ્ચિત કરવાનું રહે છે. આ શિષ્યવૃત્તિના અરજી ફોર્મ કે કોઇપણ પ્રકારના ડોક્યુમેન્ટ અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેતા નથી. આ શિષ્યવૃત્તિમાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ વિદ્યાર્થી કોઈ એક જ શિષ્યવૃત્તિ યોજનાનો લાભ લઈ શકશે. જો કોઈ વિદ્યાર્થી અન્ય શિષ્યવૃત્તિનો લાભ મેળવતા હોવાની જાણ થશે તો આ શિષ્યવૃત્તિમાંથી Reject કરવામાં આવશે. ઓનલાઈન ફોર્મ ભરવામાં મુશ્કેલી જણાય તો **scholarshipche10@gmail.com** પર Mail કરશો.

નોંધ – ફ્રેશ વિદ્યાર્થીઓએ કોલેજમાં એડમિશન થયા બાદ તેમજ રીન્યુઅલના વિદ્યાર્થીઓએ તેઓનું પરિણામ જાહેર થયા બાદ જ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

હેલ્પ લાઈન નં. ૦૭૯ ૨૩૨ ૫૪૦૧૯ (કચેરી સમય દરમિયાન)

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા., ગાંધીનગર